दाखल तारीख :- १४ – ०२ – २०२५

નોંધણી તારીખ :- ૧૪ – ૦૨ – ૨૦૨૫

ફેંસલ તારીખ :- ૨૩ – ૦૭ – ૨૦૨૬

સમયગાળો :- <u>વર્ષ– માસ – દિવસ</u>

૦૧ – ૦૫ – ૦૯

---

## મે.કલોલનાં પ્રિસાઇડીંગ ઓફીસરશ્રી (એમ.એસ.સોલંકી)
## લેબર કોર્ટ (એસ.ડી.), કલોલ, જિ.ગાંધીનગર.

---

**રીકવરી ૩૩(સી)(૨) અરજી નં.૦૫/૨૦૨૫**
**આંક ::-**

કટારા રમણભાઇ દેવાજી
રહે. બ્લોક નં.૨૯૦, વૈધનાથ સોસાયટી,
મુ.બોરીસણા, તા.કલોલ, જિ.ગાંધીનગર.
C/o. ઉત્તર ગુજરાત સંગઠીત કામદાર સેવા મંડળ,
ઠે. ૧૦, ઓનેસ્ટનગર સોસાયટી, માણસા રોડ,
મુ.તા.કલોલ, જિ.ગાંધીનગર. ...... **<u>અરજદાર</u>**

**<u>વિરૂધ્ધ</u>**

**(૧)** મેનેજરશ્રી, ફેબ ટેક્ષ ઇન્ડસ્ટ્રીઝ,
ઠે. પ્લોટ નં.૨૨૦૩, ફેઝ-૨, જી.આઇ.ડી.સી.,
મું.છત્રાલ, તા.કલોલ, જિ.ગાંધીનગર.

**(૨)** માલીકશ્રી, કીર્તીકુમાર પ્રહલાદભાઇ પટેલ, ફેબ ટેક્ષ ઇન્ડસ્ટ્રીઝ,
રહે. ૧૬, મનન કો. ઓ. હાઉસીંગ સોસાયટી, વિભાગ-૨,
રામજી મંદીર પાસે, રાણીપ, અમદાવાદ. ...... **<u>સામાવાળાઓ</u>**

**<u>બાબત :-</u>** **<u>ઔધોગીક વિવાદ ધારાની કલમ-૩૩(સી)(૨) મુજબ રીકવરી અરજ બાબત.....</u>**

અરજદાર તર્ફે વિ.પ્ર.શ્રી એસ.એ.ઘાંચી.
સામાવાળા નં.૧ તથા નં.૨ તર્ફે વિ.વ.શ્રી પી.જે.પટેલ.

**-:: ઠ રા વ ::-**

**(1)** અરજદારે હાલની રીકવરી અરજી, ઔધોગીક વિવાદ ધારા, ૧૯૪૭ ની કલમ-૩૩(સી)(૨) હેઠળ દાખલ કરેલ છે. સદર અરજની ટુંકમાં હકીકત એ છે કે, સામાવાળા નં.૨ તે સામાવાળા નં.૧ સંસ્થાનાં માલીક છે. સામાવાળા નં.૧ સંસ્થાનો વહીવટ સામાવાળા નં.૨ દ્વારા કરવામાં આવે છે. આ કામનાં અરજદાર સામાવાળા સંસ્થામાં છેલ્લાં ૦૧ વર્ષથી ટેપ પ્લાન્ટ વિભાગમાં ઓપરેટર તરીકે ફરજ બજાવતા હતા. અરજદારને સામાવાળા સંસ્થા તરફથી માસીક રૂા.૨૬,૦૦૦/- પગાર આપવામાં આવતો હતો. સામાવાળા સંસ્થાએ અરજદારને નોકરીમાં ભરતી કરતા સમયે કોઇપણ જાતનો નિમણુંકપત્ર આપેલ નથી. તેમજ અરજદારની નોકરી દરમ્યાન કોઇપણ જાતનાં હક્કો, લાભો કે દસ્તાવેજી પુરાવા જેવા કે આઇકાર્ડ, હાજરીકાર્ડ, પગારસ્લીપ, હક્કરજાકાર્ડ વગેરે સામાવાળા સંસ્થાએ આપેલ નથી. અરજદારે સામાવાળા સંસ્થામાં જાન્યુઆરી-૨૦૨૨ થી માર્ચ-૨૦૨૨ સુધી કરેલ કામગીરીનો પગાર સામાવાળા સંસ્થાએ ચુકવી આપેલ નથી. અરજદારનાં જાન્યુઆરી-૨૦૨૨ થી માર્ચ-૨૦૨૨ સુધીનાં ૦૩ માસનાં માસીક પગાર રૂા.૨૬,૦૦૦/- લેખે કુલ-૦૩ માસનો પગાર રૂા.૭૮,૦૦૦/- (અંકે રૂપીયા ઇઠ્યોતેર હજાર પુરા) સામાવાળા સંસ્થા પાસેથી બાકી લેવાનાં નિકળે છે. જેની માંગણી વારંવાર કરવા છતાં ચુકવી આપેલ નથી. સદર બાકી પગાર બાબતે સરકારી શ્રમ અધિકારીશ્રી, કલોલને ફરીયાદ પણ આપેલ છે. છતાં પણ સામાવાળાઓએ અરજદારનો બાકી પગાર આજદિન સુધી ચુકવી આપેલ નથી. જેથી ઉપરોક્ત જણાવેલ કુલ રકમ રૂા.૭૮,૦૦૦/- (અંકે રૂપીયા ઇઠ્યોતેર હજાર પુરા) અરજદાર સામાવાળા સંસ્થા પાસેથી મેળવવા હક્કદાર હોય, સદર રકમ ઉપર ૧૨% નાં સાદા વ્યાજ સહીત તથા અરજીનાં ખર્ચ પેટે રૂા.૫,૦૦૦/- સામાવાળા ચુકવી આપે તેવો હુકમ કરવા વિનંતી કરેલ છે.

**(2)** ત્યારબાદ હાલનાં કામે સામાવાળા સંસ્થાઓને કાઢવામાં આવેલ નોટીસ તેઓને ધોરણસર બજી ગયેલ છે. તેમજ સામાવાળા સંસ્થાઓ તર્ફે વિ.વ.શ્રી પી.જે.પટેલ હાજર થયેલ છે. ત્યારબાદ

સામાવાળાઓ તર્ફે આંક-૦૭ થી લેખીત જવાબ રજુ કરવામાં આવેલ છે. સદર જવાબમાં અરજદારની અરજ હકીકતોનો પેરાવાઇઝ ઇન્કાર કરેલ છે અને વધુમાં જણાવેલ છે કે, સામાવાળા કંપનીને ૪ મહીના ફેક્ટરી ચાલેલ છે. ત્યારબાદ મોટું નુકશાન થતાં તા.૩૧/૧૨/૨૦૨૨ થી કંપની બંધ થયેલ છે. અરજદારને નોકરી રાખવાનો કે છુટ્ટાં કરવાનો અને બાકી પગાર ચુકવવાનો કોઇ પ્રશ્ન જ રહેતો નથી. આથી અમારી ઉપરોક્ત રજુઆત ધ્યાનમાં લઈ અરજદાર પાસેથી ખર્ચ પેટે રૂા.૨૫,૦૦૦/- અપાવવા તેમજ સદર અરજી રદ્દ કરવા વિનંતી કરેલ છે.

**(3)** ત્યારબાદ હાલનાં કામે અરજદાર તર્ફે નીચે મુજબનાં મૌખીક તથા દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ છે.

➢ **<u>મૌખીક પુરાવા</u> ::-**

૧. આંક-૧૦ થી અરજદાર કટારા રમણભાઇ દેવાજીનાંઓનું પુરાવાનું સોગંદનામું.

➢ **<u>દસ્તાવેજી પુરાવા</u> ::-**

| અ.નં. | વિગત | નિશાની |
|---|---|---|
| ૧ | સરકારી મજુર અધિકારીશ્રીને અરજદારે બાકી પગાર અંગે આપેલ ફરીયાદની પ્રમાણીત નકલ. | ૯/૧ |
| ૨ | સરકારી મજુર અધિકારીશ્રીએ સામાવાળા સામે ક્રિમીનલ કેસ નં.૪૬/૨૦૨૨ દાખલ કરેલ તેની પ્રમાણીત નકલ. | ૯/૨ |
| ૩ | સરકારી મજુર અધિકારીશ્રીની તપાસ નોંધની પ્રમાણીત નકલ. | ૯/૩ |
| ૪ | સામાવાળાએ સરકારી મજુર અધિકારીશ્રીને આપેલ જવાબની પ્રમાણીત નકલ. | ૯/૪ |
| ૫ | સામાવાળાએ ક્રિમીનલ કેસ નં.૪૬/૨૦૨૨ માં કબુલાત કરેલ તે હુકમની પ્રમાણીત નકલ. | ૯/૫ |

(ત્યારબાદ હાલનાં કામે અરજદાર તર્ફે વધુ પુરાવો રજુ કરવા માંગતા ન હોય, તે અંગેની આંક-૧૨ થી ક્લોઝીંગ પુરસીશ રજુ થયેલ છે. જે ધ્યાને લઈ અરજદારનો હાલનાં કામે પુરાવા રજુ કરવાનો હક્ક બંધ કરવામાં આવેલ છે.)

(ત્યારબાદ હાલનાં કામે સામાવાળા સંસ્થાઓ તર્ફે વધુ પુરાવો રજુ કરવા માંગતા ન હોય, તે અંગેની આંક-૧૩ થી ક્લોઝીંગ પુરસીશ રજુ થયેલ છે. જે ધ્યાને લઈ સામાવાળાઓનો હાલનાં કામે પુરાવા રજુ કરવાનો હક્ક બંધ કરવામાં આવેલ છે.)

**(4)** ત્યારબાદ હાલનાં કામે અરજદાર તર્ફે વિ.પ્ર.શ્રી એસ.એ.ઘાંચીનાંઓની મૌખીક દલીલો સાંભળવામાં આવેલ છે. સદર દલીલોમાં તેઓએ અરજદારની અરજીની હકીકતો પુરાવાથી પુરવાર કરેલ હોય, માંગ્યા મુજબની દાદ મેળવવા હક્કદાર હોય, સદર અરજી મંજુર કરવા વિનંતી કરેલ છે. તેમજ વધુમાં જણાવેલ છે કે, પે.વે. એક્ટ હેઠળ વેજીસની લીમીટ બહાર હોય, હાલની અરજ દાખલ કરેલ છે. અરજદારનો માસીક પગાર રૂા.૨૬,૦૦૦/- છે. માત્ર બાકી પગારની માંગણી કરેલ છે. જાન્યુઆરી-૨૦૨૨ થી માર્ચ-૨૦૨૨ સુધીનાં બાકી પગારની માંગણી કરેલ છે. સામાવાળાઓએ આંક-૦૭ થી રજુ કરેલ તેમના જવાબનાં પેરા-૫ માં માલીક-કામદારનો સંબંધ ન હોવાનો બચાવ લીધેલ છે તથા પેરા-૧૧ માં તા.૩૧/૧૨/૨૦૨૨ સુધી કંપની ૦૪ મહીના ચાલી છે. સામાવાળાઓએ તા.૦૧/૦૯/૨૦૨૨ થી દસ્તાવેજી પુરાવો રજુ રાખેલ નથી. નિ.૯/૧ થી બાકી પગાર બાબતે ફરીયાદ કરેલ તેની નકલ રજુ રાખેલ છે. તેમજ નિ.૯/૨ થી ફરીયાદની ડીટેઇલમાં દંડ ભરેલ છે. જે ઉપરથી સાબિત થાય છે કે તેઓએ કાયદાનો ભંગ કરેલ છે. નિ.૯/૩ થી સરકારી શ્રમ અધિકારીનો તા.૧૫/૦૬/૨૦૨૨ નાં રોજનો ઇન્સપેક્શન રીપોર્ટ રજુ રાખેલ છે. અરજદારની ફરીયાદ પગાર નહીં ચુકવવા બાબતની છે. નિ.૯/૪ થી સામાવાળા સંસ્થાનાં માલીક દ્વારા લેબર ઓફીસરને આપેલ જવાબ છે. સદર જવાબમાં અરજદારે કરેલ કામનાં દિવસો કબુલ રાખેલ છે. સામાવાળા સંસ્થા ચોખ્ખા હાથે આવેલ નથી. સામાવાળા સંસ્થા પોતાના જવાબમાં અરજદારનો દૈનિક પગાર રૂા.૫૫૦/- હોવાનું કબુલ રાખેલ છે. સામાવાળા સંસ્થા દ્વારા કામગીરી બાબતે આધાર રજુ રાખેલ નથી. અરજદાર દ્વારા અરજ હકીકત પુરાવાથી પુરવાર કરેલ છે. સામાવાળા દ્વારા જવાબ હકીકત અંગે પુરાવા રજુ રાખેલ નથી. અરજદાર તર્ફે આંક-૧૦ થી રજુ કરેલ અરજદારનાં સોગંદનામામાં જણાવેલ હકીકતને તેઓ ચુસ્તપણે વળગી રહેલ છે. સામાવાળા દ્વારા કરવામાં આવેલ અરજદારની ઉલટતપાસમાં સદર હકીકતનું ખંડન કરવામાં આવેલ નથી. સામાવાળા સંસ્થા દ્વારા ફેક્ટરી અધિનિયમની જોગવાઇઓનું પાલન કરેલ નથી. અરજદારની માંગ્યા મુજબની દાદ મંજુર કરવા વિનંતી કરેલ છે.

ત્યારબાદ હાલનાં કામે સામાવાળા સંસ્થાઓ તર્ફે વિ.વ.શ્રી પી.જે.પટેલનાંઓની મૌખીક દલીલો સાંભળવામાં આવેલ છે. તેઓએ તેમનાં જવાબની હકીકતોનું પુન:રાવર્તન કરેલ છે. તેમજ વધુમાં જણાવેલ છે કે, અરજદારે બાકી પગાર અંગે કોઇ હુકમ મેળવેલ ન હોય, પ્રિએક્ઝીસ્ટીંગ રાઇટ ન હોય, સદર અરજી રદ્દ થવાને પાત્ર છે. અરજદાર અમારા કામદાર ન હોય, માલીક-કામદારનાં સંબંધ પ્રસ્થાપીત થયેલ નથી. અમારી સંસ્થા ઓગષ્ટ-૨૦૨૨ માં શરૂ કરી ડીસેમ્બર-૨૦૨૨ માં બંધ થયેલ છે. ઉપરોક્ત વિગતનું ખંડન અરજદાર તર્ફે કરવામાં આવેલ નથી. અરજદારની ૦૩ મહીનાનાં બાકી પગારની માંગણી છે જેથી અરજદારે પેમેન્ટ ઓફ વેજીસ એકટ હેઠળ અરજ કરવી જોઇએ. અરજદારે ૦૧ વર્ષ નોકરી કરેલ હોય તો તે પુરવાર કરેલ નથી. અરજદારે બાકી પગાર અંગે કોઇ નોટીસ આપેલ નથી. અરજદાર કેસ હકીકતથી માહિતગાર નથી. અરજદારનો રેફરન્સ કેસ રદ્દ કરવામાં આવેલ છે. જેથી હાલની અરજદારની અરજી નામંજુર કરવા વિનંતી કરેલ છે.

**(5)** ઉપરોક્ત હકીકતે સદરહું કેસનાં ન્યાયીક નિર્ણય અર્થે હાલનાં કામે ન્યાય નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબનાં મુદ્દાઓ ઉપસ્થિત થયેલ છે.

## -:: <u>મુદ્દાઓ</u> ::-

**(૧)** શું અરજદાર એ હકીકત પુરવાર કરે છે કે, તેઓ આઇ.ડી. એક્ટ,૧૯૪૭ ની કલમ-૩૩(સી)(૨) હેઠળ સામાવાળા સંસ્થા પાસેથી અરજીમાં જણાવ્યા મુજબની રકમ મેળવવા હક્કદાર થાય છે ?

**(૨)** શું હુકમ ?

**(6)** ઉપરોક્ત મુદ્દાઓનાં મારા નિર્ણયો હવે પછી જણાવેલ કારણો અનુસાર નીચે મુજબ છે.

**(૧)** નકારમાં.

**(૨)** આખરી હુકમ મુજબ.

## -:: <u>કા ર ણો</u> ::-

**(7)** **<u>મુદ્દા નં.૦૧</u> ::-** હાલનાં કામે રજુ રેકર્ડ વંચાણે લેતા અરજદાર તર્ફે તેમને હાલની અરજ તથા પુરાવાનાં સોગંદનામામાં જણાવ્યા મુજબ અરજદાર સામાવાળા સંસ્થામાં છેલ્લા ૦૧ વર્ષથી ટેપ પ્લાન્ટ વિભાગમાં ઓપરેટર તરીકે ફરજ બજાવતા હતા અને તેમને સામાવાળા તરફથી છેલ્લે માસીક પગાર

રૂા.૨૬,૦૦૦/- મળતો હતો. વધુમાં અરજદાર દ્વારા જણવેલ છે, સામાવાળા સંસ્થામાં જાન્યુઆરી-૨૦૨૨ થી માર્ચ-૨૦૨૨ સુધી કરેલ કામગીરીનાં માસીક રૂા.૨૬,૦૦૦/- લેખે ત્રણ માસનો કુલ પગાર રૂા.૭૮,૦૦૦/- અરજદારને સામાવાળા સંસ્થાએ ચુકવી આપેલ નથી. સદર હકીકતનું ખંડન કરવા સારું સામાવાળા સંસ્થા તર્ફે હાલનાં કામે આંક-૦૭ થી જવાબ રજુ કરી અરજદારની અરજ હકીકતનો પેરાવાઇઝ ઇન્કાર કરેલ છે અને વધુમાં પ્રાથમિક મુદ્દો ઉપસ્થિત કરી જણાવેલ છે કે, નામદાર સુપ્રિમ કોર્ટનાં બોમ્બે કેમિલક્સ ઇન્ડસ્ટ્રીઝનાં કેસ એ.આઇ.જે.ઇ.એલ.એસ.સી. ૬૮૩૩૨/૨૦૨૨ તથા અન્ય પ્રસ્થાપિત સિધ્ધાંતો મુજબ આઇ.ડી. એક્ટની કલમ-૩૩(સી)(૨) મુજબ મજુર અદાલતને હક્કો નક્કી કરવાની સત્તા કે હકુમત નથી. વધુમાં અરજદાર અમારા કામદારને અરજદારની અરજીને સમય મર્યાદાનો બાધ નડે છે. અમારી સંસ્થા ૪ મહીના ચાલેલ. ત્યારબાદ તા.૩૧/૧૨/૨૦૨૨ થી કંપની બંધ થઈ ગયેલ છે. વધુમાં અરજદાર દ્વારા ઉપરોક્ત માંગેલ રકમ તેઓનો પુર્વનિર્ણિત હક્ક નથી. તે સંજોગોમાં અમો અરજદારને કોઇ રકમ ચુકવવા જવાબદાર નથી. આમ, અરજદારની અરજીને સામાવાળા તર્ફે જવાબ રજુ કરી ખંડન કરવામાં આવેલ હોય તે સંજોગોમાં અરજદારે પોતાની અરજ હકીકત આધારરૂપ પુરાવાથી પુરવાર કરવાની હોય છે.

**(8)** હાલનાં કામે રજુ થયેલ મૌખીક તથા દસ્તાવેજી પુરાવાઓનું મૂલ્યાંકન કરતા પહેલા પ્રથમ ભારતીય પુરાવા અધિનિયમ-૧૮૭૨ ની કલમ-૧૦૧ તથા કલમ-૧૦૨ ની જોગવાઈ વંચાણે લેવી જરૂરી છે. જે નીચે મુજબ છે.

➢ ***<u>કલમ-૧૦૧ સાબિતીનો બોજો</u> :-***

જે કોઇ એમ ઇચ્છતો હોય કે તેણે પ્રતિપાદિત કરેલી હકીકતોની સાબિતીનો અસ્તિત્ત્વ ઉપર આધારીત કોઇ કાયદેસરનાં હક્ક અથવા જવાબદારી વિષે કોઇ બીજું ન્યાયાલય ફેંસલો આપે, તે તેણે સાબિત કરવું પડશે કે તે હકીકતો અસ્તિત્ત્વમાં છે. કોઇ વ્યક્તિ, કોઇ હકીકતનું અસ્તિત્ત્વ સાબિત કરવા બંધાયેલી હોય, ત્યારે સાબિતીનો બોજો તે વ્યક્તિ ઉપર છે, એમ કહેવાય.

➢ ***<u>કલમ-૧૦૨ સાબિતીનો બોજો કોના પર રહે</u> :-***

કોઇ દાવા કે કાર્યવાહીમાં સાબિતીનો બોજો તે વ્યક્તિ પર રહે છે જે કોઇપણ પક્ષે કશો જ પુરાવો આપવામાં ન આવે તો નિષ્ફળ જશે.

ઉપરોક્ત કલમની જોગવાઇ ધ્યાને લેવામાં આવે તો જે વ્યક્તિએ પોતાની તરફેણમાં અદાલત દ્વારા કોઇ અધિકાર મેળવવા ચૂકાદો આપે, તો તે વ્યક્તિએ પોતાની હકીકત સાબિત કરવી પડે તેમાં સામાપક્ષની નબળાઇ મદદરૂપ થઈ શકે નહી. સદર કામે અરજદાર ઉપર એ હકીકત પુરવાર કરવાની જવાબદારી રહેલી છે અને જ્યાં સુધી અરજદાર સબળ પુરાવાથી પોતાનો કેસ સાબિત ના કરે ત્યાં સુધી આ સાબિતીનો બોજો વાદી ઉપર રહે છે. તેમજ હાલનાં કામે સામાવાળા સંસ્થા તર્ફે જવાબ કે પુરાવા રજુ કરેલ નથી. જે અંગે ***નામદાર સુપ્રિમ કોર્ટનાં શીવ ચરનસીંગ વિ. ચંદ્રભાન સીંગ (એ.આઇ.આર.૧૯૮૮ સુપ્રિમ કોર્ટ ૬૩૭)*** નાં ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ છે કે, વાદીએ તેમનો કેસ તેમનાં સબળ પુરાવાનાં આધારે સાબિત કરવાનો રહે છે નહીં કે પ્રતિવાદીની નબળાઇઓ ઉપર આધાર રાખીને. વધુમાં દાવામાં શરૂઆતથી જ સાબિતીનો બોજો વાદી ઉપર રહે છે અને વાદીનાં આ સલામતીનાં બોજાને પ્રતિવાદીએ પુરાવો આપેલ ના હોય તો તે હકીકત માત્રથી તે પ્રતિવાદી ઉપર સાબિતીનો બોજો આપોઆપ શિફ્ટ થતો નથી. પરંતુ જે બાબત વાદીએ પુરાવાથી સાબિત કરવી જોઇએ એ સાબિત થયેથી સાબિતીનો બોજો પ્રતિવાદી ઉપર શિફ્ટ થાય છે.

**(9)** વધુમાં, અરજદાર તર્ફે તેઓની હાલની અરજ તથા મૌખીક પુરાવાઓમાં ઉપરોક્ત જણાવેલ બાકી પગારની રકમ સામાવાળા સંસ્થા પાસેથી મેળવવા હક્કદાર હોવાનું જણાવી સદર રકમ વસુલ લેવા હાલની આઇ.ડી.એક્ટ,૧૯૪૭ ની કલમ-૩૩(સી)(૨) હેઠળ કરેલ હોય ત્યારે ઉપરોક્ત હકીકતનાં ન્યાય નિર્ણય કરતા પહેલા આઇ.ડી.એક્ટની કલમ-૩૩(સી)(૨) વંચાણે લેવી જરૂરી છે. જે નીચે મુજબ છે.

➢ **કલમ-૩૩(સી)(૨) :-** *"કોઇ કામદાર, માલિક પાસેથી કંઇ રકમ અથવા નાણાંમાં ગણતરી કરી શકાય એવો કોઇ લાભ મેળવવા હક્કદાર હોય, ત્યારે લેણી રકમ અંગે અથવા ગણતરી કરતાં થતી એવા લાભની રકમ અંગે કોઇ પ્રશ્ન ઉપસ્થિત થાય, તો તે પ્રશ્નનો નિર્ણય, સમુચિત સરકાર આ માટે નિર્દિષ્ટ કરે તે મજુર કોર્ટ આ અધિનિયમ હેઠળ કરવામાં આવે તે નિયમોને આધીન રહીને કરી શકશે."*

વધુમાં, ઇન્ડસ્ટ્રિયલ ડિસ્પ્યુટ્સ એક્ટ,૧૯૪૭ ની કલમ-૩૩(સી)(૨) ની જોગવાઈઓ જોતાં એ સ્પષ્ટ થાય છે કે, આ કલમ હેઠળ રકમનું નિર્ધારણ ત્યારે જ થઇ શકે છે જ્યારે તે માટેનો પૂર્વ-

અસ્તિત્ત્વમાં રહેલો અધિકાર હોય. વધુમાં હાલનાં તબક્કે આ અંગે નામદાર સુપ્રીમ કોર્ટ દ્વારા પ્રસ્થાપીત કરેલ સિદ્ધાંતો વંચાણે લેવાં જરૂરી છે. જે નીચે મુજબ છે.

- ***Hon'ble Supreme Court in 1995 Lab. I.C. 330, Municipal Corporation of Delhi v. Ganesh Razak & Others,*** *the Honorable Supreme Court has clearly established that: "The Labour Court does not have the jurisdiction under Section 33-C(2) to determine which benefits a workman is entitled to receive."*

  ***Para 12:*** *"The labour court has no jurisdiction to first decide the workman's entitlement and then proceed to compute the benefit so adjudicated on that basis in exercise of its power under Section 33-(C)(2) of the Act. It is only when the entitlement has been earlier adjudicated or recognised by the employer and thereafter for the purpose of implementation or enforcement thereof some ambiguity requires interpretation that the interpretation is treated as incidental to the labour court's power Under Section 33-(C)(2) like that of the Executing Court's power to interpret the decree for the purpose of its execution."*

  *The above position of law has been reiterated thereafter by the Hon'ble Supreme Court in a number of cases including* ***State of UP vs Brij Pal Singh reported as (2005) 8 SCC 58.***

  *In* ***Jeet Lal Sharma vs. POLC-IV & Anr, 84 (2000) DLT 706,*** *reiterates the same proposition of law that U/S. 33(C)(2) workman can file application only when he is entitled to receive money claimed by him and the entitlement refers to the existing rights which would be established if it has been earlier adjudicated upon and recognised by the employer. If entitlement to receive money is in dispute application U/S. 33(C)(2) is not maintainable. It was further held that once employee accepts the entitlement as one of the service conditions, the application will be admissible. If the claim is based on accepted service conditions application is valid.*

  ***9.*** *Another decision on the point is* ***Bombay Gas Co. Ltd. v. Gopal Bhiva2 wherein also Gajendragadkar, J.,*** *(as he then was) speaking for the Bench, referring to the above Constitution Bench decision, stated that the proceedings contemplated by Section 33-C(2) are analogous to execution proceedings and the Labour Court, like the Executing Court in the execution proceedings governed by the Code of Civil Procedure, would be competent to interpret the award on which the claim is based. It is obvious that the power of the Executing Court is only to implement the adjudication already made by a decree and not to adjudicate a disputed claim which requires adjudication for its enforcement in the form of decree. The Executing Court, after the decree has been passed, is however competent to interpret the decree for the purpose of its implementation. This position was settled by the above Constitution Bench decision and has been the consistent view of this Court ever since then.*

***10.*** *Next case on this point is **Chief Mining Engineer East India Coal Co. Ltd. v. Rameswar;** wherein the above decisions were relied on. It was held that the right to the benefit which is sought to be computed under Section 33-C(2) must be "an existing one, that is to say, already adjudicated upon or provided for". The propositions on the question as to the scope of Section 33-C(2) deducible from the earlier decisions of this Court were summarised and they include the following, namely: (SCR pp. 142-144) "(1) The legislative history indicates that the legislature, after providing broadly for the investigation and settlement of disputes on the basis of collective bargaining, recognised the need of individual workmen of a speedy remedy to enforce their existing individual rights and therefore inserted Section 33-A in 1950 and Section 33-C in 1956. These two sections illustrate cases in which individual workmen can enforce their rights without having to take recourse to Section 10(1) and without having to depend on their union to espouse their case. 2 (1964) 3 SCR 709: AIR 1964 SC 752 : (1963) 2 LLJ 608 3 (1968) 3 SCR 140: AIR 1968 SC 218 : (1968) 1 LLJ 6 (3) Section 33-C which is in terms similar to those in Section 20 of the Industrial Disputes (Appellate Tribunal) Act, 1950 is a provision in the nature of an executing provision. (5) Section 33-C(2) takes within its purview cases of workmen who claim that the benefit to which they are entitled should be computed in terms of money even though the right to the benefit on which their claim is based is disputed by their employers. It is open to the Labour Court to interpret the award or settlement on which the workmen's right rests. (7) Though the court did not indicate which cases other than those under sub-section (1) would fall under sub-section (2), it pointed out illustrative cases which would not fall under sub-section (2), viz., cases which would appropriately be adjudicated under Section 10(1) or claims which have already been the subject-matter of settlement to which Sections 18 and 19 would apply. (8) Since proceedings under Section 33-C(2) are analogous to execution proceedings and the Labour Court called upon to compute in terms of money the benefit claimed by a workman is in such cases in the position of an Executing Court, the Labour Court like the Executing Court in execution proceedings governed by the Code of Civil Procedure, is competent under Section 33-C(2) to interpret the award or settlement where the benefit is claimed under such award or settlement and it would be open to it to consider the plea of nullity where the award is made without, jurisdiction." After stating the propositions, the decision proceeds to state as under: (SCR p. 144) " It is clear that the right to the benefit which is sought to be computed must be an existing one, that is to say, already adjudicated upon or provided for and must arise in the course of and in relation to the relationship between an industrial workman and his employer."*

- ***In Central Inland Water Transport Corp. Ltd. v. Workmen (1974) 4 SCC 696*** *The Hon'ble Supreme Court clarified that a proceeding under Section 33C(2) is a stage after adjudication. The court held that if the workman's right to receive the money is disputed by the employer, the Labour Court must see if that right has been*

*previously adjudicated. If the worker relies only on oral testimony to prove a disputed right (like E.L. or Holiday wages), the court cannot "create" that right under this section.*

*5. The scope of the function and powers of a Labour Court, when dealing with an application under Section 33C(2) of the Act, has been laid down by this court in several cases, amongst which mention may be made of Punjab National Bank Limited v. K.L. Kharbanda, [1962] Suppl. 2 S.C.R. 977 ; 22 F.J.R. 171,Central Bank of India Ltd. v. P.S. Rajagopalan, , and Bombay Gas Co. Ltd. v. Gopal Bhiva, . The effect of these decisions was recently summarised in the judgment delivered on 8th August, 1967, in Chief Mining Engineer, East India Coal Co. Ltd. v. Rameshwar, Civil Appeals Nos. 257-267 of 1966--(1967-68) 33 F.J.R. 90 (S.C.). These decisions make it clear that a workman cannot put forward a claim in an application under Section 33C(2) in respect of a matter which is not based on an existing right and which can be appropriately the subject-matter of an industrial dispute only requiring reference under Section 10 of the Act.*

- ***State Bank of Bikaner & Jaipur v. Khandelwal 1968 (16) FLR 315*** *The Hon'ble court held that where a claim is made for a benefit (like a specific bonus amount) which is not part of the service conditions or a prior award, the Labour Court cannot entertain it under Section 33(C)(2).*

- ***Chimanlal Bechardas v. Manager, Rajnagar Spg. & Wvg. Co. Ltd.*** *the Hon'ble Court held that when an employer admits a certain portion of the claim, the Labour Court can pass an order for that admitted amount because the dispute for that specific part has ceased to exist.*

**(10)** વધુમાં, ઉપરોક્ત ચુકાદાઓમાં પ્રસ્થાપિત થયેલા સિદ્ધાંતો અને હાલનાં કામે રજુ કેસ હકકીત તેમજ રજુ કરવામાં આવેલા પુરાવાઓને ધ્યાને લેતા, અરજદારે સામાવાળા સંસ્થા પાસેથી પોતાની ૦૧ વર્ષની ફરજ દરમ્યાનમાં ૦૩ માસનો બાકી પગાર રૂા.૭૮,૦૦૦/- મેળવવા હકકદાર હોવાનું જણાવેલ છે. સદર હકીકત પુરવાર કરવા સારુ અરજદાર તર્ફે આંક-૧૦ થી પોતાનું સરતપાસનું સોગંદનામું રજુ રાખેલ છે. સદર સોગંદનામામાં પોતાની અરજ હકીકતોનું પુનરાવર્તન કરી ચુસ્તપણે વળગી રહેલ છે. સદર સોગંદનામા લગત સામાવાળા સંસ્થા તર્ફે વિ.વ.શ્રી દ્વારા અરજદારની કરવામાં આવેલ ઉલટતપાસમાં સવાલ-જવાબમાં જણાવેલ છે કે, સવાલ - સામાવાળા સંસ્થાએ તમોએ ૦૧ વર્ષ નોકરી કરેલ હોવાનું જણાવેલ છે તે અંગેનો લેખીત આધાર હાલનાં કામે રજુ રાખેલ છે ? જવાબ - ના. રજુ રાખેલ નથી. સવાલ - સામાવાળા સંસ્થાએ તમોને આઇકાર્ડ, પગારસ્લીપ, હાજરી કાર્ડ વિગેરે ન આપતા હોવાની લેબર કમિશ્નર કચેરીમાં કોઇ ફરીયાદ આપેલ છે ? જવાબ - ના. ફરીયાદ

આપેલ નથી. વધુમાં એ હકીકત કબુલ રાખેલ છે કે, હાલની અરજી દાખલ કરતા પહેલા અમોએ બાકી પગાર અંગે લેબર કોર્ટનો કોઇ હુકમ મેળવેલ નથી. આ સિવાય તેઓને પુછવામાં આવેલ તમામ સુચક સવાલોનાં ખંડનાત્મક જવાબ આપેલ છે.

વધુમાં, અરજદાર તર્ફે પોતાની અરજ હકીકત પુરવાર કરવા નિ.૯/૧ થી નિ.૯/૫ સુધીનાં દસ્તાવેજિ પુરાવા રજુ રાખેલ છે. સદર દસ્તાવેજી પુરાવાઓ વંચાણે લેતાં નિ.૯/૧ થી સરકારી મજુર અધિકારીશ્રીને અરજદારે બાકી પગાર અંગે આપેલ ફરીયાદની પ્રમાણીત નકલ, નિ.૯/૨ થી સરકારી મજુર અધિકારીશ્રીએ સામાવાળા સામે ક્રિમીનલ કેસ નં.૪૬/૨૦૨૨ દાખલ કરેલ તેની પ્રમાણીત નકલ, નિ.૯/૩ થી સરકારી મજુર અધિકારીશ્રીની તપાસ નોંધની પ્રમાણીત નકલ, નિ.૯/૪ થી સામાવાળાએ સરકારી મજુર અધિકારીશ્રીને આપેલ જવાબની પ્રમાણીત નકલ તથા નિ.૯/૫ થી સામાવાળાએ ક્રિમીનલ કેસ નં.૪૬/૨૦૨૨ માં કબુલાત કરેલ તે હુકમની પ્રમાણીત નકલ રજુ રાખવામાં આવેલ છે. જે ઉપરથી એ હકીકત પુરવાર થાય છે કે, અરજદાર દ્વારા આપેલ તા.૨૬/૦૫/૨૦૦૨ ની ફરીયાદ અન્વયે શ્રમ અધિકારી દ્વારા સામાવાળા સંસ્થાનું ઇન્સપેક્શન કરવામાં આવેલ. ત્યારબાદ સામાવાળા સંસ્થા દ્વારા સદર ઇન્સપેક્શન રીપોર્ટનો તા.૦૯/૦૭/૨૦૨૨ નાં રોજ વિગતવાર જવાબ આપેલ છે. સદર જવાબમાં અરજદારે સામાવાળા સંસ્થામાં જેટલા દિવસ કામગીરી કરેલ છે તેનો હિસાબ આપવા તૈયાર છીએ. વધુમાં અરજદાર અવાર-નવાર સામાવાળા પાસેથી રકમ મેળવેલ છે. વધુમાં સામાવાળા દ્વારા બીજી ફેક્ટરીઓમાં પણ દિવસો ગણી રકમ મેળવેલ છે અને હાલમાં અમારી પાસે ખોટી રકમની માંગની કરે છે. ત્યારબાદ સદર જવાબનો અરજદાર દ્વારા જાન્યુઆરી-૨૦૨૨ થી માર્ચ-૨૦૨૨ સુધી સામાવાળા સંસ્થામાં કરેલ કામગીરીનાં દિવસોની ગણતરી જણાવેલ છે. તેમજ અરજદારે ત્રણ માસમાં કુલ ૩૩ દિવસ કામગીરી કરેલી જેના રૂ.૫૫૦/- લેખે રૂ.૧૮,૧૫૦/- અરજદારને મળવાપાત્ર થાય છે. વધુમાં અરજદાર દ્વારા સામાવાળા પાસેથી તા.૦૩/૦૩/૨૦૨૨ થી તા.૨૮/૦૩/૨૦૨૨ સુધી જુદી-જુદી તારીખોએ લીધેલ ઉપાડની રકમ તથા જમવાનાં ખર્ચની રકમ સહીત ટોટલ ઉપાડ રૂ.૨૩,૧૦૦/- મેળવેલ છે. સદર પુરાવો અરજદાર તર્ફે રજુ કરવામાં આવેલ છે. વધુમાં, સદર જવાબ સાથે સામાવાળા સંસ્થા તર્ફે રજુ વી.એમ. પેકેજીંગ મહેસાણાનાં પત્રમાં પણ સ્પષ્ટપણે જણાવેલ છે કે, અરજદાર કટારા રમણભાઇ દેવજીભાઇ અમારે ત્યાં રોકડી ઉપર કામ કરેલ. ત્યારબાદ અરજદારનાં સહકર્મચારી બહાદુરભાઇ ગોરધનભાઇ ડાભી તથા ઠાકોર હર્ષદજી લાધુજીનું નિવેદન વંચાણે લેતાં તેઓએ સ્પષ્ટપણે જણાવેલ છે કે, કામ હોય ત્યારે બોલાવતા અને અમો રોકડી પર કામ કરતા હતા.

આ સમય દરમ્યાન જેટલા પણ દિવસ કામ કરેલ તેનું સંપુર્ણ વળતર અમોને તથા કટારા રમણભાઇ દેવજીભાઇને કિર્તીભાઇ પટેલ દ્વારા ચુકવી દેવામાં આવેલ છે. તે સંજોગોમાં સદર હકીકતથી અરજદાર વાકેફ હોય તેમ માનવાને કારણ રહે છે. અરજદાર દ્વારા હાલનાં કામે રજુ નિ.૯/૪ થી સામાવાળા સંસ્થા દ્વારા રજુ ખુલાસાનું ખંડન કરતો કોઇપણ પ્રકારનો પુરાવો હાલનાં કામે રજુ રાખેલ નથી. વધુમાં, અરજદાર સામાવાળા સંસ્થા પાસેથી માસીક રૂ.૨૬,૦૦૦/- પગાર મેળવતા હોવાની વિગત અરજદાર દ્વારા હાલનાં કામે રજુ પુરાવાથી પુરવાર નહીં થયેલ હોવાનું સ્પષ્ટપણે જણાઇ આવે છે.

વધુમાં હાલનાં કામે નિ.૯/૫ વંચાણે લેતાં શ્રમ અધિકારી દ્વારા દાખલ કરવામાં આવેલ ક્રિમીનલ કેસ નં.૪૬/૨૦૨૨ નાં કામે સામાવાળા દ્વારા લઘુત્તમ વેતન અધિનિયમ, ૧૯૪૮ નાં નિયમો-૨૬ (ડી), ૨૬(૨), ૨૬(બી)(૧), ૨૨ તથા ૨૧(૪) ના ભંગ બદલ કબુલાત કરવામાં આવતા તેઓને સદર કેસમાં નિયમ મુજબનો દંડનો હુકમ કરવામાં આવેલ હોવાનું પુરવાર થાય છે. પરંતુ સદર પુરાવાથી અરજદાર દ્વારા હાલની અરજમાં માંગણી કરેલ રકમ અંગેનો કોઈ ઓર્ડર, સમાધાન અથવા સદર રકમ સામાવાળા સંસ્થા પાસેથી લેણી હોવા અંગેની હકીકત પુરવાર થયેલ હોવાનું જણાઇ આવતુ નથી.

**(11)** વધુમાં હાલનાં તબકકે ભારતીય પુરાવા અધિનિયમ,૧૯૭૨ ની કલમ-૫૮ ની જોગવાઈ તથા તે અન્વયેનાં ચુકાદાઓમાં પ્રસ્થાપીત સિદ્ધાંતો વંચાણે લેવાં જરૂરી છે. જે નીચે મુજબ છે -

➢ ***<u>કલમ - ૫૮ સ્વીકૃત હકીકતો સાબિત કરવાની જરૂર નથી</u>*** *:-*

*કોઈપણ કાર્યવાહીમાં એવી કોઈપણ હકીકત સાબિત કરવાની જરૂર નથી કે જે નીચે મુજબ સ્વીકારવામાં આવી હોય:*

*૧) સુનાવણી વખતે: પક્ષકારો અથવા તેમના એજન્ટો સુનાવણી દરમિયાન તેને સ્વીકારવા માટે સંમત થાય, ૨) સુનાવણી પહેલા: સુનાવણી પહેલાં પક્ષકારો લેખિતમાં તે હકીકત સ્વીકારવા માટે સંમત થયા હોય, ૩) પ્લીડિંગ્સ દ્વારા: તે સમયના અમલમાં રહેલા કાયદા મુજબ, પક્ષકારોએ તેમના લખાણો (જેમ કે દાવો અથવા જવાબ) દ્વારા તે હકીકત સ્વીકારી લીધેલી ગણાય.*

*વધુમાં ઉપરોક્ત કલમ અન્વયેનાં ચૂકાદાઓમાં પ્રસ્થાપીત સિદ્ધાંતો વંચાણે લેવાં જરૂરી છે. જે નીચે મુજબ છે -*

- ***<u>નાગિનદાસ રામદાસ વિ. દલપતરામ ઈચ્છારામ (1974)</u>*** *સુપ્રીમ કોર્ટે આ કેસમાં ઠરાવ્યું હતું કે, પક્ષકારો દ્વારા પ્લીડિંગ્સ (દાવા કે જવાબ) માં કરવામાં આવેલી સ્વીકૃતિ એ સૌથી શ્રેષ્ઠ પુરાવો*

*છે. જો કોઈ હકીકત સ્પષ્ટપણે સ્વીકારવામાં આવી હોય, તો તે પક્ષકાર પાછળથી તેમાંથી ફરી શકતો નથી.*

- ***<u>ગૌતમ સરુપ વિ. લેહર સિંહ (2008)</u>*** *આ કેસમાં કોર્ટે સ્પષ્ટ કર્યું હતું કે એકવાર એડમિશન (સ્વીકૃતિ) થઈ જાય પછી તેને પાછી ખેંચી શકાતી નથી, સિવાય કે તે સાબિત થાય કે તે ભૂલથી અથવા છેતરપિંડીથી કરવામાં આવી હતી.*

ઉપરોકત કલમની જોગવાઇ તથા ઉપરોકત ચુકાદાઓમાં પ્રસ્થાપીત સીધ્ધાંતો ધ્યાને લેતાં અરજદાર દ્વારા હાલનાં કામે રજુ કરેલ પુરાવા સીવાય અન્ય કોઇ આધારરૂપ પુરાવો રજુ કરવામાં આવેલ નથી. વધુમાં અરજદાર હાલનાં કામે રજુ કરેલ પુરાવાથી પોતાની અરજ હકકીત પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ છે. જયારે સામાવાળા સંસ્થાનાંઓ સદર રજુ પુરાવાથી અરજદારની અરજ હકકીતનું ખંડન કરવામાં સફળ થયેલ છે. વધુમાં અરજદાર દ્વારા હાલની અરજીમાં માંગેલ દાવાની રકમ સક્ષમ સત્તાધિકારી દ્વારા નિર્ધારિત કરવામાં આવી છે; જે એ સ્થાપિત કરી શકે કે અરજદાર તે રકમ મેળવવા માટે હકકદાર છે. આમ, અરજદારે સદર અરજીનાં કામે આધારભુત પુરાવા રજુ કરેલ ન હોઇ તેઓ માંગ્યા મુજબની દાદ મેળવવા હક્કદાર બનતાં નથી.

**(12)** ઉપરોક્ત આઇ.ડી.એક્ટ,૧૯૪૭ ની કલમ-૩૩(સી)(૨) ની જોગવાઇ તથા તે અંગે નામદાર સુપ્રિમ કોર્ટ, નામદાર ગુજરાત હાઇકોર્ટ તેમજ અન્ય હાઇકોર્ટ દ્વારા ઉપરોક્ત ચુકાદાઓમાં પ્રસ્થાપિત કરવામાં આવેલ સિદ્ધાંતોને ધ્યાને લઈ અરજદાર પોતાની અરજીમાં જણાવેલ હકીકત મુજબ તેઓ સામાવાળા સંસ્થા પાસેથી ૦૩ માસની બાકી પગારની કુલ રકમ રૂ.૭૮,૦૦૦/- (અંકે રૂપીયા ઇઠ્યોતેર હજાર પુરા) ૧૨% વ્યાજ સાથે મેળવવા હક્કદાર હોવાનું જણાવેલ છે. સદર હકીકત પુરવાર કરવા સારું અરજદાર તર્ફે હાલનાં કામે આંક-૧૦ થી પોતાનું પુરાવાનું સોગંદનામું તથા નિ.૯/૧ થી નિ.૯/૫ સુધીનાં રજુ દસ્તાવેજો ઉપર આધાર રાખેલ છે. સદર દસ્તાવેજી આધારો વંચાણે લેતાં નિ.૯/૧ થી સરકારી મજુર અધિકારીશ્રીને અરજદારે બાકી પગાર અંગે આપેલ ફરીયાદની પ્રમાણીત નકલ, નિ.૯/૨ થી સરકારી મજુર અધિકારીશ્રીએ સામાવાળા સામે ક્રિમીનલ કેસ નં.૪૬/૨૦૨૨ દાખલ કરેલ તેની પ્રમાણીત નકલ, નિ.૯/૩ થી સરકારી મજુર અધિકારીશ્રીની તપાસ નોંધની પ્રમાણીત નકલ, નિ.૯/૪ થી સામાવાળાએ સરકારી મજુર અધિકારીશ્રીને આપેલ જવાબની પ્રમાણીત નકલ તથા નિ.૯/૫ થી સામાવાળાએ ક્રિમીનલ કેસ નં.૪૬/૨૦૨૨ માં કબુલાત કરેલ તે હુકમની પ્રમાણીત નકલ રજુ રાખવામાં આવેલ છે.

પરંતુ સદર પુરાવાઓ વંચાણે લેતાં ઉપરોક્ત કરેલ ચર્ચા મુજબ અરજદાર પોતાની અરજ હકીકત સદર રજુ પુરાવાથી પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ હોવાનું ઠરાવવામાં આવે છે.

**(13)** ઉપરોક્ત ચુકાદાઓમાં પ્રસ્થાપિત કરવામાં આવેલ સિદ્ધાંતોને ધ્યાને લેતાં આઇ.ડી.એક્ટ,૧૯૪૭ ની કલમ-૩૩(સી)(૨) મુજબ કામદારને કયા લાભો મળવાપાત્ર છે તે નક્કી કરવાની હકુમત લેબર કોર્ટ પાસે નથી. વધુમાં, અરજદાર હાલનાં કામે અરજીમાં જણાવેલ લાભો સામાવાળા સંસ્થા પાસેથી મેળવવા હક્કદાર છે તે અંગે અરજદાર દ્વારા કોઇપણ અધિકૃત કોર્ટ કે અધિકારી દ્વારા અરજદારનો આ હક્ક પૂર્વનિર્ધારીત કરેલ હોય તે અંગેનો કોઇ કબુલાતનામુ, હુકમ કે સેટલમેન્ટ અરજદાર દ્વારા હાલનાં કામે રજુ કરવામાં આવેલ નથી. તે સંજોગોમાં અરજદારે હાલનાં કામે રજુ કરેલ મૌખીક પુરાવા તથા દસ્તાવેજી પુરાવાથી અરજદાર હાલની અરજીમાં માંગ્યા મુજબની ૦૩ માસની બાકી પગારની રકમ સામાવાળા સંસ્થા પાસેથી મેળવવા હક્કદાર હોવાનું પૂર્વનિર્ણીત હક્ક કે સદર રકમ સામાવાળા સંસ્થા દ્વારા કબુલ કરવામાં આવેલ હોવાનું પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ હોવાનું ઠરાવવામાં આવે છે.

**(14)** આમ, ઉપરોક્ત ચર્ચાનાં અંતે અરજદાર હાલની અરજીમાં માંગ્યા મુજબની બાકી ૦૩ માસની પગારની રકમ સામાવાળા સંસ્થા પાસેથી મેળવવા હક્કદાર હોવાની હકીકત આધારરૂપ પુરાવાથી પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ હોવાનું ઠરાવવામાં આવેલ હોય તે સંજોગોમાં મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં ઠરાવી અને મુદ્દા નં.૨ અન્વયે ન્યાયનાં હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## -:: આ ખ રી હુ ક મ ::-

**(1)** આથી અરજદારની અરજી **નામંજુર** કરવા હુકમ કરવામાં આવે છે.

**(2)** ખર્ચ અંગે કોઇ હુકમ નથી.

હુકમ આજરોજ તારીખ ૨૩મી માહે જુલાઇ સને ૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કરવામાં આવે છે.

તારીખ :- ૨૩/૦૭/૨૦૨૬
સ્થળ :- કલોલ.

**(મનોજભાઇ શાંતિલાલ સોલંકી)**
પ્રિસાઇડીંગ ઓફીસરશ્રી, લેબર કોર્ટ
(એસ.ડી.), કલોલ, જિ.ગાંધીનગર.
***JUDGE CODE : GJ01300***

*સ્ટેનો : વી.વી.ચાવડા.*